# વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

# જાહેર વિજ્ઞપ્તિ

વડોદરા મહાનગર પાલિકા ને 5 Star Rating For Garbage free Cities મેળવવા બાબત

વડોદરા મહાનગરપાલિકાની જાહેર જનતાને આથી સુચિત કરવામાં આવે છે કે, ભારત સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે સ્વચ્છ ભારત મિશન તથા ભારત સરકારશ્રીની ગાઇડલાઇન અનુસાર વડોદરા મહાનગરપાલિકાને “5 સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી” જાહેર કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- શહેરનાં તમામ રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરવામાં આવે છે.
- જાહેર સ્થળો, કોમર્શિયલ સ્થળો તથા રહેણાંક સોસાયટીઓમાં સફાઇ કરવામાં આવે છે.
- જાહેર સ્થળો તથા કોમર્શિયલ સ્થળોએ હેંગીગ ડસ્ટબીન (ગ્રીન એન્ડ બ્લ્યુ) મુકવામાં આવેલ છે તથા મટીરીયલ રીકવરી ફેસીલીટી સેન્ટરની શરૂઆત કરવામાં આવેલ છે.
- સોલીડ વેસ્ટ રૂલ્સ-૨૦૧૬ મુજબ તમામ બલ્ક વેસ્ટ જનરેટર્સ દ્વારા ઓનસાઇટ કોમ્પોસ્ટિંગ કરવામાં આવે છે.
- શહેરનાં તમામ રહેણાંક, કોમર્શિયલ, સંસ્થાકીય ઇમારતો તથા ઇન્ડસ્ટ્રીયલ મિલ્કતો પાસેથી વેસ્ટ કલેક્શન એન્ડ ટ્રાન્સપોર્ટેશનના યુઝર ચાર્જીસની વસુલાત, સ્પોટ ફાઇન તથા પેનલ્ટી ચાર્જીસની વસુલાત કરવામાં આવે છે અને ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇવાળા પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
- શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરામાંથી વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ, બાકી રહેલ કચરાનું વૈજ્ઞાનિક ઢબે લેન્ડફીલ સાઇટ ખાતે નિકાલ અને કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટના રીસાઇકલ અને પ્રોસેસીંગ પ્લાન્ટની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.
- શહેરીજનો માટે ગ્રીવન્સ રીડ્રેસલ સીસ્ટમ/સ્વચ્છતા એપ ડાઉનલોડ મારફત ફરિયાદોના નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
- ડમ્પસાઇટ રીમેડીયેશનની કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

આ નોટીસથી, આ બાબતે કોઇ પણ નાગરિકને વાંધા/સુચન હોય તો આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં મહાનગરપાલિકાની કચેરીમાં લેખિતમાં રજુઆત કરવા વિનંતી.

પી.આર.ઓ.નં.-૬૯૨/૨૦૨૦-૨૧ મ્યુનિસિપલ કમિશનર